વિદ્યા, વિનય, વિચાર, વાણી અને વર્તનનો સમન્વય એટલે...

# પંચશીલ

ક્રિએટીવ સંકુલ દ્વારા સંચાલિત પંચશીલ સ્કૂલનું માસિક


વર્ષ : ૧૦ | અંક : ૧૦૨ | પેઇજ : ૧૦

સંપાદક : ડૉ. ડી.કે. વાડોદરીયા | જાન્યુઆરી : ૨૦૨૨ | સંયોજક : યોગીરાજસિંહ જાડેજા






શિવનગર મેઇન રોડ, પી.ડી.એમ. કોલેજ કેમ્પસ, ગોંડલ રોડ, રાજકોટ.

ફોન : (0281) 2382626, મો. : 88 66 11 00 11, 88 66 22 00 22, 88 66 33 00 33

Web : www.panchshilschool.org, Email : admin@panchshilschool.org, panchshilschool2011@gmail.com

# પોપટ અને કાગડો

એક બગીચામાં જુદા જુદા વૃક્ષો ઉપર જાત જાતના પક્ષીઓ રહે. એક ઝાડ પર એક પોપટનું કુટુંબ અને એક કાગડાનુ કુટુંબ રહે છે. એમના બચ્ચાઓ સાથે જ મોટા થયા છે. તેઓ ત્યાં જ મોટા થઈને યુવાન બની ગયા. એક દિવસ પોપટે એની માં ને કહ્યું કે તે નજીકમાં આવેલા જંગલમાં કમાવવા જવા માંગે છે. માને ચિંતા થઈ પણ એને પોપટને જંગલમાં જવા રજા આપી અને થોડા દિવસોમાં જ પાછા આવી જવા કહ્યું.

પોપટ જંગલમાં જઈને એક તળાવ કિનારે આંબાના ઝાડ પર રહેવા લાગ્યો. એ ત્યાં મઝાથી બેસતો, ઝુલા ઝુલતો અને કેરીઓ ખાતો. એક દિવસ એણે એના ગામના એક ભરવાડને જોયો એટલે એણે એની માને સંદેશ આપવા વિચાર્યું. એણે ખુબ જ નમ્રતાથી ભરવાડને વિનંતી કરી અને ગાવા લાગ્યો :




''ભાઈ ગાયના ગોવાળ, ભાઈ ગાયના ગોવાળ, મારી માંને એટલું કહેજે, મારી માં ને તેટલું કેજે, પોપટ ભુખ્યો નથી, પોપટ તરસ્યો નથી, પોપટ આંબાની ડાળ, પોપટ સરોવરની પાળ બેસી મઝા કરે છે.''

ભરવાડે એની ખાતરી આપી કે તે ગામમાં જઈને એની માં ને એનો સંદેશ આપશે.

''ઢોલિયા ઢળાવો, પાથરણા પથરાવો,
પોપટભાઈ કમાઈને આવ્યા, પોપટભાઈ કેરીઓ લાવ્યા,
પોપટભાઈ મીઠા ફળો લાવ્યા.''

એણે એની પાંખો ખોલી અને એમાંથી કેરીઓ અને મીઠા ફળ બહાર કાઢયા. પોપટભાઈની પ્રગતિ જોઈને ઝાડ પર રહેતા બીજા પક્ષીઓ બહુ ખુશ થઈ ગયા.

આ જોઈને કાગડાના કુટુંબને પણ કાગડાભાઈને જંગલમાં જઈને કંઈક કમાઈ લાવવા કહ્યું. કાગડો બહું આળસુ હતો એટલે એ જંગલમાં જવા માંગતો ન હતો. એની માં એને પરાણે ધકેલ્યો એટલે વાળી ગંદી જગ્યાએ બેઠો એ ગંદકી અને જીવડા ખાવા લાગ્યો એણે જયારે એના ગામના ભરવાડને જોયો ત્યારે એની સામે બુમો પાડીને હુકમ આપતો હોય એમ બોલ્યો :

''એ ગોવાળિયા, એ ગોવાળિયા, મારી માં ને જઈને એટલું કહેને,
તેટલું કહેજે કે કાગડો ભુખ્યો નથી, કાગડો તરસ્યો નથી, કાગડો કાદવ અને ગંદકીમાં મઝા કરે છે.''

ભરવાડ કાગડાની ઉર્દ્વતાઈ જોઈને ગુસ્સે થઈ ગયો. એણે કાગડાનો સંદેશ લઈ જવાની ના પાડી દીધી. થોડા દિવસ બાદ કાગડો કાદવ-કીચડ અને ગંદકી લઈને ઘરે આવ્યો. ઘરે આવીને બૂમો પાડવા લાગ્યો :

''ઢોલિયા ઢળાવો, પાથરણા પથરાવો,
કાગડાભાઈ કમાઈને આવ્યા, કાગડાભાઈ કાદવ-કીચડ લઈ આવ્યા,
કાગડાભાઈ ગંદકી લઈ લાવ્યા.''

ઝાડ પર રહેતાં પક્ષીઓ કાગડા ઉપર ખુબ જ ગુસ્સે થઈ ગયા અને કાગડાને ઝાડ પરથી ભગાડી મુકયો.

જો આપણે પોપટની જેમ સાચા અને નમ્ર બનીએ તો લોકો આપણને પ્રેમ કરશે, પરંતુ જો આપણે કાગડાની જેમ ઉધ્ધત બનીએ તો લોકો આપણને પ્રેમ નહિ કરે.

કિયાડા અક્ષ એ., ધો. ૬ બી.

## નીચે આપેલા ચિત્રમાં તફાવત શોધો...





## નોલેજ કોર્નર

### ભારતીય નાણાનું રૂપિયો નામ કેવી રીતે પડ્યું ?



બહુ જુના સમયમાં પૈસા ન હોતો પરંતુ લોકો પોતપોતાના વસ્તુની અદલા-બદલી કરી લેતા કપડાંની જરૂર હોય તો અનાજ કે કોઈ બીજી વસ્તુના બદલામાં મેળવી લેતા, આ પદ્ધતિને વિનિમય કહેતા. ધીમે ધીમે કિંમતી ધાતુઓ મોતી વગેરે ચલણમાં આવ્યા ત્યાર બાદ સોનું, ચાંદી, તાંબા વગેરે ધાતુઓ સિક્કાઓનું ચલણ બન્યું. ભારતમાં સોના ચાંદીના સિક્કાનું ચલણ હતું. જુદી જુદી ભાષાના તેના અનેક નામ હતા. રૂપિયાને સોના મહોર પણ કહેતા. સિક્કા મુખ્યત્વે ચાંદીના બનતા. ચાંદીના સિક્કા તથા ચાંદીને રૂપું પણ કહે છે. રૂપા ઉપરથી ચાંદીના સિક્કાનું રૂપિયો નામ પડ્યું અને કાગળની નોટ ને પણ રૂપિયો જ કહે છે. આમ, ભારતના નાણાનું નામ પણ રૂપિયો નામ પડ્યું હતું.

જાડેજા ગાયત્રીબા આર., ધો. ૬ એ.

### જાણવા જેવું

- નોબેલ મેળવનાર પ્રથમ ભારતીય : રવીન્દ્રનાથ ટાગોર
- પ્રથમ જહાજ : INS કાવેરી
- પ્રથમ પરમાણુ જહાજ : INS ચક્ર
- પ્રથમ પરમાણુ રિએક્ટર : અપ્સરા
- પ્રથમ મૂંગી ફિલ્મ : રાજા હરિશ્ચંદ્ર
- પ્રથમ બોલતી ફિલ્મ : આલમઆરા
- પ્રથમ રેલવે : થાણે અને મુંબઈ વચ્ચે
- પ્રથમ ઈલેક્ટ્રિક રેલવે : મુંબઈ-કુર્લા વચ્ચે
- પ્રથમ ખનિજતેલ કૂવો : દિગ્બોઈ (આસામ)
- સૌથી ઉંચું શિખર : ગોડવિન ઓસ્ટિન (K2)
- સૌથી લાંબો નેશનલ હાઈવે : નં.7
- સૌથી લાંબા અંતરની ટ્રેન : વિવેક એકસપ્રેસ
- સૌથી મોટું સરોવર : વુલર સરોવર (જમ્મુ કશ્મીર)
- સૌથી મોટું ખારા પાણીનું સરોવર : સાંભર (રાજસ્થાન)
- સૌથી વધુ જંગલો ધરાવતું રાજ્ય : મધ્યપ્રદેશ




ભેંસાણીયા જાન્વી વી., ધો. ૬ એ.

### પાણી આગને કઈ રીતે ઓલવે છે ?

જ્યારે કોઈ જગ્યાએ આગ લાગે છે ત્યારે તે પાણી નાખવાથી કેવી રીતે ઓલવાઈ છે, જાણી છો ? આગને બળવા ઓકિસજનની જરૂર પડે છે. આપણે જ્યારે આગ ઉપર પાણી નાખીએ છીએ ત્યારે આગ પાણીથી ચારે તરફથી ઘેરાઈ જાય છે અને તેને મળતું ઓકિસજન બંધ થઈ જાય છે, એટલે આગ ઓલવાઈ જાય છે. પાણી દરેક બળતી વસ્તુને ઠંડી કરી નાખે છે અને પાણીની ગરમીને વરાળ બનાવી દે છે. સરળ શબ્દોમાં સમજીએ તો ચાની તપેલી ઉપર ઢ ાંકણું ઢાંકી થોડીવાર પછી જોઈશું તો તેની ઉપર વરાળ જામી જાય છે. વરાળ તે ગરમ વસ્તુંની ગરમીને ઓછી કરી નાખે છે. એવી જ રીતે પાણી આગની ગરમીને વરાળ બનાવી  દે છે અને આ રીતે આગ ઓલવાઈ જાય છે.



મારકણા ગ્રીના આર., ધો. ૬ એ.

**માણસ કપડાથી નથી શોભતો પણ વાણી, વર્તન અને કર્મની સુગંધથી શોભે છે.**



# પ્રવૃત્તિ પ્રતિભા





શાળામાં નવા વર્ષને આવકારવા પ્રાથમિક વિભાગમાં કલર્સ ડે ની ઉજવણી કરવામાં આવી હતી.

























**કેટલી આશ્ચર્યની વાત છે કે લોકો જિંદગી વધારવા માગે છે, પણ સુધારવા નથી માગતા.**

**અનેક દેશો વચ્ચે થતાં યુધ્ધ દરમિયાન રાસાયણિક અને પરમાણુ હથિયારોનો ઉપયોગ થયો છે, જે માનવજીવન અને વનસ્પતિ બંને માટે ઘાતક છે.**





પરમાણુ અને રાસાયણિક હથિયાર બંને વિનાશકારી છે. આ બંનેને સામૂહિક વિનાશના હથિયાર પણ ગણવામાં આવે છે. આ બંને પરંપરાગત હથિયાર છે જે પોતાની વિનાશકારી શકિતઓ દ્વારા શહેરો અને દેશોના નાશ કરી શકે છે. રાસાયણિક હથિયાર માનવસર્જિત રસાયણથી બને છે અને લોકો માટે તે મૃત્યુ અને નુકસાનનું કારણ બને છે. રાસાયણિક હથિયારોમાં ઝેરીલાં રસાયણ હોય છે જે મોર્ટાર્સ, મિસાઇલો વગેરે એજન્ટસને કારણે વિસ્ફોટ થાય છે. તેના પરિણામે રસાયણ હવામાં પ્રસરી જાય છે અને તેના લીધે લોકોનાં મૃત્યુ થઇ શકે છે. આ રાસાયણિક હથિયારોનો પ્રભાવ હવામાં અનિશ્ચિત સમય સુધી રહે છે. જયારે પરમાણુ હથિયાર આની સરખામણીએ વધારે હાનિકારક હોય છે. આનો ઉપયોગ કરવાથી જીવન અને સમાજના માળખાની સાથે તેની આસપાસની દરેક વસ્તુઓનો નાશ થાય છે. રાસાયણિક હથિયારોનો ઉપયોગ પ્રથમ વિશ્વયુધ્ધ દરમિયાન થયો હતો. એ વખતે ફ્રાન્સ પ્રથમ એવો દેશ હતો જે ડાયનાસિડાઇન કલોરોસલ્ફોનેટયુકત બોમ્બનો ઉપયોગ કરતો હતો. જયારે ૮૦ના દાયકા દરમિયાન ઇરાકે ઇરાન પર રાસાયણિક હથિયારોનો ઉપયોગ કર્યો હતો. રાસાયણિક હથિયારોમાંથી ઝેરીલા ગેસ નીકળે છે, જે વધારે નુકશાનકારક હોય છે અને તેનાથી માનવજીવન નષ્ટ થઇ જાય છે.

પરમાર જેનીશા પી, ધો. ૫ એ.

## બલૂનની અવનવી વાતો



બલૂનની શરૂઆત ૧૭મી સદીમાં ફ્રાન્સમાં થઇ હતી. બે ભાઇઓ જોસેફ અને સ્ટીફન મળીને ૫ જૂન ૧૭૮૩માં ૧૦ મીટર મોટું કાગળનું ખોલું બનાવ્યું અને તેને એક થાંભલા સાથે બાંધી દીધુ. ત્યારબાદ તેના નીચે તેમણે ભૂસુ ભેગું કરીને આગ સળગાવી. થોડી વારમાં ખોલામાં તેનો ધુમાડો ભરાવા લાગ્યો અને તે હવામાં ૧૮૦૦ મીટર ઉપર ઉડવા લાગ્યું. આ પ્રયોગ વિશે ફ્રાન્સમાં પ્રસિદ્ધ વૈજ્ઞાનિક આલ્સને ખબર પડી તેણે તે પ્રયોગ પોતાની રીતે કર્યો અને ધુમાડાની જગ્યાએ તેમાં હાઇડ્રોજન ગેસ ભર્યો જેના કારણે બલૂન ઝડપથી અને સરળતાથી ઉપર જઇ શકે. આમ બલૂનની શોધ થઇ. આજે તેનું ચલણ સાહસ અને રમત માટે વધારે છે.

લાઠિયા ક્રિષ્ના આર, ધો. ૪ એ.

## વેનિલા શેમાંથી બને છે ?




આઇસ્ક્રીમ અને અન્ય ઠંડા પીણા કે ચોકલેટમાં વેનિલા ફ્લેવરનો વધુ ઉપયોગ થાય છે. વેનિલા એ કેસર પછીનું સૌથી મોંઘુ વનસ્પતિ જ દ્રવ્ય છે. વેનિલાનું વૃક્ષ મેકિસકોમાં થાય છે. તેના ફળના બીજમાંથી વેનિલા મેળવાય છે. વેનિલાના વૃક્ષો ૩૦ ફૂટ ઉંચા થાય છે. તેના વિશે અન્ય વિગતો પણ જાણવા જેવી છે. વેનિલાના વૃક્ષોની લગભગ ૧૫૦ જાત છે. વેનિલાના ફૂલ ઉપર માત્ર મેલિયોના નામથી મધમાખી જ બેસે છે. આ માખી પણ અમેરિકામાં જ જોવા મળે. મેલિયોના નામની મધમાખી ન હોય તેવા દેશોમાં વેનિલાના ફૂલને ખેડૂતો સોય દ્વારા પરાગરજની અદલાબદલી કરી વિકસાવે છે. અમેરિકા અને યુરોપમાં વેનિલા ફ્લેવર સૌથી વધુ લોકપ્રિય છે.

વેનિલાના વૃક્ષો ભેજવાળા વાતાવરણમાં જ ઉછરે છે.

બજારમાં કૃત્રિમ વેનિલા પણ ઉત્પાદન થાય છે. તે વેનિલીન નામના પદાર્થમાંથી બને છે. તેને ઇમેટેશન વેનિલા કહે છે.

દોંગન કૌશલ કે., ધો. ૫ બી.

**જે સમયને વેડફે છે સમય તેને વેડફે છે.**

# અનેક વેક્સિનની શોધ કરનાર મૌરાઈસ હિલમેન




વિજ્ઞાનની શોધખોળના ઈતિહાસમાં ક્યારેય ન ભુલાય એવું નામ છે. મૌરાઈસ હિલમેન. ૧૯૧૯માં અમેરિકામાં જન્મેલા મૌરાઈસ હિલમેને પોતાની કારકિર્દી દરમિયાન ચાલીસ જેટલી વેક્સિનનું સર્જન કર્યુ હતું. આ વૈજ્ઞાનિકને આજે પણ સલામ કરવાનું મન થાય છે, કારણ કે આજની તારીખે અપાતી વિવિધ પ્રકારની રસીઓમાંથી ઓરી, અછબડા, રૂબેલા, હિપેટાઈટિસ-બી, મેનેન્જાઈટીસ અને ન્યુમોનિયા જેવી અનેક વેક્સિનની શોધ હિલમેને કરી હતી.

ખેડૂત પિતાના પુત્ર મૌરાઈસ બે જોડિયા બહેનો સાથે જન્મ્યા હતા. પણ બહેનો તો જન્મતાં જ ગુજરી ગઈ. જન્મના બે દિવસ પછી માતા પણ મૃત્યુ પામી. એ સમયે અમેરિકામાં ઝેરી રોગચાળાનું પ્રમાણ વધારે હતું. મૌરાઈસ બાળપણમાં ડિપ્થેરિયાની ગંભીર બીમારીમાંથી માંડ ઊગર્યો હતો. પિતાથી એકલે હાથે મૌરાઈસનો ઉછેર કરવો શક્ય ન બનતાં પોતાના ભાઈને ઉછેરવા આપી દીધો. ભણવામાં રસ હોવાથી ખેતીકામ અને મરઘાં ઉછેરની સાથે તેમણે ભણવાનું ચાલુ કર્યું. કેમેસ્ટ્રી-માઈક્રોબાયોલોજીમાં શ્રેષ્ઠ પરિણામ સાથે બેચલર્સ ડિગ્રી મેળવી. તકલીફો વેઠીને મૌરાઈસે પીએચ.ડી. કર્યું. પછી ફાર્માસ્યુટિકલ કંપનીમાં નોકરી સ્વીકારી અને પહેલી વેક્સિન ત્યાં જ વિકસાવી. પરિણામે તેમના આગેકૂચનાં મંડાણ શરૂ થયાં. જીવનમાં આવી ચૂકેલી તકલીફોને દૃઢ નિશ્ચયની વેક્સિનથી તેમણે દૂર કરી દીધી. આગળ જતાં મૌરાઈસને મર્ક એન્ડ કંપનીમાં કામ કરવાની તક મળી. જ્યાં તેમણે પિસ્તાલીસ વર્ષ સુધી રિસર્ચનાં કામ કર્યાં. એ દરમિયાન તેમણે વિશ્વને અનેક જીવલેણ રોગોમાંથી બચવાની અકસીર વેક્સિન્સની ભેટ આપી.









## ગાંધીજીની કરકસર

ગાંધીજી સામે ટપાલોનો ઢગલો હતો. તેઓ દરેક પત્રને ધ્યાનથી વાંચતા અને જેટલો કાગળ કોરો હોય તેને ફાડી લેતા. એક સજ્જન તેમની પાસે બેઠા હતા તે આ બધું જોઈ રહયા હતા. તેમણે આશ્ચર્ય પામીને પૂછ્યું કે તમે આ કાગળ ફાડી લો છો તેનો શું ઉપયોગ છે એ હું જાણવા ઇચ્છું છું.

ગાંધીજીએ કહ્યું, મારે જયારે પત્રોના જવાબ આપવાના હોય છે ત્યારે હું તે કતરણનો ઉપયોગ કરું છું. જો એવું ન કરું તો આ કાગળ નકામો જાય. એનાથી બે પ્રકારનું નુકસાન થાય એક તો ખર્ચમાં ખોટો વધારો થાય અને બીજું રાષ્ટ્રીય સંપતિનો બગાડ થાય. કોઇપણ દેશમાં જે વસ્તુઓ હોય છે તે બધી રાષ્ટ્રની હોય છે. આપણો દેશ ગરીબ છે, તેથી આપણે ધન કે બીજી કોઇપણ વસ્તુનો દુરુપયોગ ન કરવો જોઇએ.

ગાંધીજીની આ કરકસરિયા વૃતિનો એક અંશ પણ જો આપણે અપનાવીએ તો આપણો દેશ ખૂબ ઝડપથી પ્રગતિ સાધી શકશે.



માટીયા મયુર એસ., ધો. ૫ ડી.



## ગૌરવ ગાન

ધરતી કી શાન, તૂ હૈ પ્રભુ કી સંતાન,
તેરી મુઠીયોં મેં બંધ તૂફાન હૈ રે.... મનુષ્ય તૂં....
તૂ જો ચાહે પર્વત, પહાડો કો ફોડ દે,
તૂ જો ચાહે નદીયોં કે મુખ કો ભી મોડ દે,
તૂ જો ચાહે માટી સે અમૃત નીચોડ દે,
તૂ જો ચાહે ધરતી કો અંબર સે જોડ દે,
અમર તેરે પ્રાણ... મિલા તુજકો વરદાન
તેરી આત્મા મેં સ્વયં ભગવાન હે રે... મનુષ્ય તૂં...
નયનો મેં જ્વાલ, તેરી ગતિ મેં ભૂચાલ,
તેરી છાતી મેં છૂપા મહાકાલ હે,
પૃથ્વી કે લાલ, તેરા હિમગીરી સા ભાલ,
તેરી ભૃકુટી મેં તાંડવ કા તાલ હૈ,
નિજ કો તૂ જાન... જરા શકિત પહેચાન
ધરતી કા ધીર, તૂ હૈ અગ્નિ સા વીર,
તૂ જો ચાહે તો કાલ કો ભી થામ લે,
પાપો કા પ્રલય રૂકે, પશુતા કા શીશ ઝૂકે,
તૂ જો અગર હિંમત સે કામ લે,
ગુરૂ સા મતિમાન, પવન સા તૂ ગતિમાન,
તેરી નભસે ભી ઉંચી ઉડાન હૈ, રે.... મનૂષ્ય તૂં...

ભટ્ટી તન્વી જે., ધો. ૬ એ.

## પ્રાર્થનાનું મહત્વ



પ્રાર્થનાથી કોઇપણ કાર્યની શરૂઆત કરતાં વાતાવરણમાં અનેરો આનંદ પ્રસરે છે.
પ્રાર્થનાથી જીવનની પ્રગતિનાં દ્વાર ખૂલી જાય છે.
પ્રાર્થનાથી ઇશ્વરીય શકિતનો અનુભવ કરવા જરૂરી છે.
પ્રાર્થનાથી પોતાની ચિંતા કે જવાબદારી પ્રભુને સોંપ્યાનો અનુભવ થાય છે.
નિરાશા, હતાશા, ક્રોધ જેવા હાનિકારક ભાવો દૂર કરવા પ્રાર્થના જરૂરી છે.
હાનિકારક ભાવોની અસરથી ઉદ્ભવતા શારીરિક કે માનસિક રોગો દૂર કરવા પ્રાર્થના જરૂરી છે.
ઇશ્વરનાં અગણિત ઉપકારોને યાદ કરવા પ્રાર્થના જરૂરી છે.
ઇશ્વરની ઉપસ્થિતિનો સાક્ષાત્કાર કરવા પ્રાર્થના જરૂરી છે.
ઇશ્વરનાં સંતાનોની પ્રતિતી કરવા પ્રાર્થના જરૂરી છે.
હવા, પાણી, ખોરાક જેવાં ઇશ્વરીય બક્ષિસોનો આભાર વ્યકત કરવા પ્રાર્થના જરૂરી છે.
પ્રાર્થનાથી ઘર, ઓફિસ કે શાળાનું વાતાવરણ સ્વર્ગીય આનંદ આપતું ભાસે છે.
પ્રાર્થનાથી ઘર, ગામ કે શાળાનું વાતાવરણ ભકિતમય બને છે.
પ્રાર્થનાથી વાતાવરણમાં નવિનતા પ્રસરે છે. તન મન પ્રફુલ્લિત બને છે. નવું નવું જોવા, જાણવા, માણવા ભણવાની ઉત્કાંઠા જાગે છે.

કનેરીયા રિયાંશ એસ., ધો. ૪ સી.

## એન્જોય એકઝામ





ધો. ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ માટે એન્જોય એકઝામ બોર્ડની પરીક્ષા માટે એક મોટીવેશનલ સેમીનારનું આયોજન કરવામાં આવેલ હતું, જેમાં શ્રી કેતન વ્યાસે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.








ધો. ૫ અને ૬ના વિદ્યાર્થીઓ માટે વન મીનીટ ગેમ અને જી.કે.આઇ.કયુ કિવઝનું આયોજન કરવામાં આવ્યું હતું.

## વેકસીનેશન ડ્રાઈવ

શાળામાં અભ્યાસ કરતા ૧૫ વર્ષથી વધુ વય જુથના તમામ વિદ્યાર્થીઓને કોરોના વેકસિન આપવામાં આવી હતી. આ પ્રસંગે ડૉ. ડી.કે. વાડોદરીયા અને ડૉ. જયેશ પંડ્યા ઉપસ્થિત રહયા હતા.











શાળામાં ક્રિસમસ અને નવા વર્ષની ઉજવણી નિમિતે કલ્ચરલ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું.






## વિશ્વ એઈડ્સ દિવસ



વિશ્વ એઈડ્સ દિવસની ઉજવણી નિમિતે શાળામાં કેન્ડલ લાઈટ રેડ રીબીન બનાવવામાં આવી હતી.

## Merry Christmas





શાળા અંગ્રેજી માધ્યમ H.K.G.માં અભ્યાસ કરતો વિદ્યાર્થી ઘમલ મૌર્યને સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ આયોજિત ફેન્સી ડ્રેસ સ્પર્ધામાં દ્વિતિય સ્થાન પ્રાપ્ત કર્યુ હતું.

શાળા અંગ્રેજી માધ્યમ STD-2માં અભ્યાસ કરતી વિદ્યાર્થીની કાંક્ષા રાઠોડે જિલ્લા કક્ષાની કરાટે સ્પર્ધામાં બ્રોન્ઝ મેડલ મેળવ્યું હતું.













શાળા અંગ્રેજી માધ્યમ વિભાગમાં
કલ્ચરલ શોનું આયોજન કરી નાતાલની ઉજવણી કરવામાં આવી હતી.









